ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# શહેરમાં વરસાદી માહોલની જમાવટ

## આકાશમાં ઘેરાયેલાં વાદળો વારંવાર વરસાદ વરસાવી જાય છે : ગઈરાત્રે ૫૯ મીમી વરસાદ પડ્યો

ગાંધીનગર, તા. ૬

વરસાદની ધમાકેદાર બેટીંગ જારી છે. વરસાદી માહોલ છેલ્લા ઘણા દિવસોથી છવાયેલો છે અને દરરોજ બે-ત્રણ ઈંચ વરસાદ વરસી જાય છે. ગઈરાત્રે પણ શહેરમાં બે ઈંચથી વધુ વરસાદ પડ્યો હતો. આજે સાંજે પાંચ વાગ્યા સુધી ૬૫ મી.મી. વરસાદ નોંધાતા મોસમનો કુલ વરસાદ ૫૭૩ મી.મી. સુધી પહોંચી ગયો છે.

ગાંધીનગરમાં વરસાદી માહોલ જામતો જાય છે. ચોમાસાની સિઝન પુરી થઈ ગઈ છે તેવું સૌ કોઈએ માની લીધુ હતુ ત્યારે જ વરસાદી માહોલ પુરેપુરો જામ્યો છે. છેલ્લા કેટલાક દિવસોથી વરસાદ સતત વરસી રહ્યો છે. બે દિવસથી તો રાત્રે વરસાદ ધમધોકાર પડે છે. ગઈકાલે રાત્રે પણ અગિયાર વાગ્યા પછી વરસાદ વરસવો શરૂ થયો હતો. ધીમી ધારે પડી રહેલો વરસાદ આખી રાત ચાલુ રહ્યો હતો. વહેલી સવારે વરસાદની ઝડપ વધી હતી. જો કે સુર્યોદય સમયે વરસાદે થોડીકવાર માટે વિરામ લીધો હતો. સૂર્યએ થોડીકવાર માટે દેખા દીધી હતી. તે પછી પુનઃ કાળા વાદળોથી આકાશ ઘેરાઈ ગયું હતું અને ધીમી ધારે વરસાદ વરસવો શરૂ થયો હતો. આજે આખો દિવસ ધીમી ધારે વરસાદ ચાલુ રહ્યો હતો. સતત પડતા વરસાદના પગલે જનજીવન પર તેની અસર પડી છે. બજારોમાં અવરજવર સાવ ઓછી થઈ ગઈ હતી. શાળાઓમાં વિદ્યાર્થીની હાજરી પર પણ વરસાદની અસર જોવા મળી હતી. ખાસ કરીને નાના બાળકોએ સ્કૂલે જવાનુ ટાળ્યું હતું.

વરસાદના પગલે શહેરમાં કેટલાક સ્થળોએ પાણી ભરાતા ભારે ગંદકી ફેલાઈ છે. વળી મચ્છરોનો ઉપદ્રવ વધતા રોગચાળો વધ્યો છે. સિવિલ હોસ્પિટલો અને ખાનગી હોસ્પિટલો દર્દીઓથી ઉભરાઈ રહી છે.


અત્યાર સુધી વરસાદની જે ઘટ હતી તે પુરી થઈ રહી છે. ગઈકાલે રાત્રે ગાંધીનગર શહેરમાં ૫૯ ઈંચ વરસાદ પડ્યા બાદ આજે દિવસ દરમ્યાન ધીમી ધારે સતત વરસાદ ચાલુ રહેતા મોસમનો કુલ વરસાદ ૫૭૩ મી.મી. સુધી પહોંચ્યો છે. સરેરાશ વરસાદનો ૮૦ ટકા જેટલો વરસાદ અત્યાર સુધી પડી ચુક્યો છે.


### વરસાદથી નગરનું સૌંદર્ય ખીલી ઉઠ્યું

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગરનું સૌંદર્ય સોળે કળાએ ખીલી ઉઠ્યું છે. છેલ્લા કેટલાક દિવસોથી સતત પડી રહેલા વરસાદને પગલે જ્યાં નજર ફેરવો ત્યાં લીલોતરી જોવા મળી રહી છે. શહેરનો માહોલ અદ્ભુત થઈ ગયો છે.

હીલ સ્ટેશન પર હોય તેવું આહ્લાદક વાતાવરણ હાલમાં જોવા મળી રહ્યું છે. વરસાદના કારણે ગ્રીનસીટીનું સાંદર્ય ખીલી ઉઠ્યું છે. છેલ્લા કેટલાક દિવસોથી પડી રહેલા વરસાદથી મોરલાઓ જાણે સંતૃપ્ત થઈ ગયા હોય તેમ તેમણે ટહુકવાનું બંધ કર્યું છે. વસાહતીઓની સાથે જ જાણે સમગ્ર સૃષ્ટિ વરસાદને મન ભરીને માણી રહી છે. વરસાદી માહોલનો આનંદ માણતા વસાહતીઓએ મકાઈ ડોડા અને ભજીયાનો સ્વાદ માણ્યો હતો. દાળવડા, ભજીયા અને ગોટાની લારીઓ પર ભારે ભીડ જોવા મળી હતી. કચેરીઓમાં પણ કર્મચારીઓએ ભજીયા-ગોટાની જયાફત ઉડાવી હતી. દાળવડા-ભજીયા માટે બુકીંગ કરાવવું પડે તેવી સ્થિતિ થઈ હતી. જો કે હજુ સાબરમતીમાં પાણી આવ્યુ ન હોવાથી વસાહતીઓનો નદી જોવાનો શોખ પુરો થયો નથી.





ગાંધીનગર શહેરના આંતરિક માર્ગો ઉપર રખડતાં પશુઓનો ત્રાસ દિવસે ને દિવસે વધવા લાગ્યો છે. અગાઉ માત્ર રાત્રે જ રખડતાં પશુઓ હવે તો દિવસ દરમ્યાન પણ અડચણરૂપ બને છે. (તસવીર : દિપક જાની)

# જિલ્લાના ૧૯ નાયબ મામલતદારો અને ૧૦ કારકૂનોની સાગમટે બદલી

ગાંધીનગર, તા. ૬

રાજ્ય સરકારે ગઈકાલે મહેસુલી સંવર્ગમાં બદલી-બઢતીના કરેલા વ્યાપક હુકમોને પગલે આજે જિલ્લા વહીવટી તંત્રએ પણ જિલ્લામાં ૧૯ નાયબ મામલતદાર સંવર્ગના અધિકારીઓની બદલીના હુકમો જારી કરવા સાથે ૧૦ જેટલા કારકુનોને નાયબ મામલતદાર સંવર્ગમાં બઢતી આપવાના હુકમો જારી કર્યા છે.

જિલ્લામાં કારકુન સંવર્ગમાંથી ૧૦ને બઢતી આપવાના નિર્ણયને મહેસુલી કર્મચારી મંડળના આગેવાનો શ્રી બી.પી. બિહોલા, બી.જી. વર્મા, શ્રીમતિ જયશ્રીબેન શાહ, શ્રી એન.બી. ગોર, શ્રી જે.કે. રામી, શ્રી વી. કે. તન્નાએ આવકાર આપ્યો છે અને તંત્રના સકારાત્મક અભિગમને બિરદાવ્યો છે. આ આગેવાનોએ જણાવ્યું છે કે અમે અગાઉ પણ આ બાબતે રજુઆત કરી હતી ત્યારે કલેકટરશ્રીએ હૈયાધારણ આપી સત્વરે નિર્ણય લેવાની ખાત્રી આપી હતી તે માટે તેમણે આભારની લાગણી પણ વ્યક્ત કરી છે.

નાયબ મામલતદાર સંવર્ગમાંથી બદલી કરાયેલા અધિકારીઓને ચૂંટણી પંચની નવી મંજૂર થઈ આવેલ જગ્યાઓ પર નિમણુંક આપવામાં આવી છે જ્યારે બઢતી પામેલા કારકુનોને ખાલી જગ્યાઓ પર સમાવવામાં આવ્યા છે. જો કે નાયબ મામલતદાર સંવર્ગમાં હજી પણ જગ્યાઓ ખાલી રહેવા પામતી હોવાનું જાણવા મળેલ છે.

આજે મોડી સાંજે આ હુકમો જારી કરવામાં આવ્યા છે અને બદલી બઢતીના કરાયેલા આ હુકમને લઈ જિલ્લા તંત્રમાં ખુશીનો માહોલ છવાઈ જવા પામ્યો છે.

આજે કરાયેલા હુકમોમાં નાયબ મામલતદાર શ્રી બી. પી.

● અનુસંધાન પાન-૭ પર

# ભાડા વસુલાત શાખાનો વહીવટ વધુ પારદર્શક બનાવવા ગતિવિધિ

## કચેરીની કામગીરી ટૂંકમાં કોમ્પ્યુટરાઈઝડ કરાશે

ગાંધીનગર, તા. ૬

પાટનગર યોજના ભવનમાં કાર્યરત ભાડા વસુલાતી શાખાની કામગીરી કોમ્પ્યુટરાઈઝ્ડ કરવાના ચક્રો ગતિમાન થયા છે. અપૂરતા સ્ટાફના લીધે વસુલાતની કાર્યવાહી આમ પણ સ્ટાફ માટે શિરદર્દ સમાન બની છે. જ્યારે લાંબા સમયના અંતે કચેરીને કોમ્પ્યૂટારીઝ્ડ કરવાની ગતિવિધિઓ હાથ ધરાતા વહીવટ પારદર્શક અને સરળ બની રહેશે.

શહેરમાં જુદા જુદા સેક્ટરોમાં વિવિધ કેટેગરીના હજારો આવાસમાં કર્મચારીઓનો વસવાટ છે. જ્યારે આવાસો અને ફાળવણીની જવાબદારી જેના શીરે છે તેવા પાટનગર યોજના વિભાગની ભાડા વસુલવાની શાખામાં છેલ્લા ઘણા સમયથી કારકુનોની ઘટ પ્રવર્તી છે. આવા સંજોગોમાં મેનપાવરના અભાવે કચેરીનો વહીવટ કથળ્યો હોવાનો પણ સૂર ઉઠવા પામ્યો છે. ગત સમયમાં શહેરમાં સ્થિત સરકારી આવાસોમાં

● અનુસંધાન પાન-૭ પર

# મોડી સાંજે ઘ-માર્ગ પર ચાલવા નીકળેલી મહિલાનો દોરો ખેંચાયો

## પલ્સર બાઈક પર આવેલા શખ્સો ફરાર

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગરના ઘ-માર્ગ પરથી ગઈકાલે મોડી સાંજે જમી-પરવારીને ચાલવા નીકળેલી સે. ૩ની મહિલા ઘ-૩ પાસે પહોંચી ત્યારે પલ્સર બાઈક પર આવેલા ચેઈન સ્નેચરોએ તેમના ગળામાંથી સોનાનો દોઢ તોલા વજનનો દોરો કેંચી રફુચક્કર થઈ ગયા હતા. મહિલાની ફરીયાદને આધારે સે. ૭ પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ શરૂ કરી છે.

શહેરના સેક્ટર-૩-ડી પ્લોટ નં. ૧૦૮૯/૨માં રહેતા કંચનબેન રતીલાલ પટેલ ગઈકાલે મોડી સાંજે પોણા દસ વાગ્યાના અરસામાં ઘ-માર્ગ પર ચાલવા નીકળ્યા હતા. ગ-૩ પાસે પેટ્રોલ પંપ નજીક કંચનબેન પહોંચ્યા તે દરમ્યાન પલ્સર બાઈક પર ડબલ સવારી ચેઈન સ્નેચરો તેમની નજીક આવ્યા અને પાછળ બેઠેલા શખ્સે તેમના ગળામાં હાથ મારીને દોઢ તોલા વજનનો ૩૦ હજારની કિંમતનો સોનાનો દોરો ખેંચી બાઈકની સ્પીડ વધારી દીધી હતી. મહિલાએ બુમાબુમ કરતાં આસપાસના રાહદારીઓ દોતી આવ્યા હતા. જોકે ત્યાં સુધીમાં બાઈક પર આવેલા ચેઈન સ્નેચરો ફરાર થઈ ગયા હતા. સે. ૭ પોલીસે કંચનબેનની ફરીયાદ મુજબ અજાણ્યા બે ચેઈન સ્નેચરો વિરૂદ્ધ ગુનો નોંધી તપાસનો દોર શરૂ કર્યો છે.

# સે. ૧૬માં ઈલેકટ્રોનિક મિડીયા ભવન નિર્માણ પામશે

## ૫.૪૩ કરોડનો ખર્ચ થશે : ચલચિત્ર, ટી.વી.ન્યૂઝ તેમજ કોમ્પ્યુટર બ્રાન્ચ ભવનમાં ખસેડાશે

ગાંધીનગર, તા. ૬

સે. ૧૬માં ઈલેકટ્રોનિક મીડિયા ભવનનું નિર્માણ કરાશે. મીડિયા સેન્ટરના નવીન બિલ્ડીંગને અનુલક્ષી રૂ. ૫.૪૩ કરોડના ખર્ચને મંજુરી આપવામાં આવી છે. આગામી એક વર્ષમાં ભવન તૈયાર થયા બાદ ચલચિત્ર, ટી.વી.ન્યૂઝ તેમજ કોમ્પ્યુર બ્રન્ચ ભવનમાં ખસેડવામાં આવશે. જો કે આ કામગીરી દરમિયાન હયાત બિલ્ડીંગનો અમુક ભાગ પણ યથાવત રાખી ઉપયોગમાં લેવાશે.

સે. ૧૬માં હાલ માહિતી ખાતાના સ્ટુડિયોનું બિલ્ડીંગ છે. દૂરદર્શન ટી.વી. શ્રેણી તૈયાર કરવાનું કામ પણ આ સ્ટુડીયો મારફત થાય છે. સેકટરમાં સ્થિત હયાત બિલ્ડીંગને તોડીને આશરે ૩ હજાર ચો.મી. જગ્યામાં નવીન બિલ્ડીંગનું નિર્માણ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. પાટનગર યોજના વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી માહિતી અનુસાર સે. ૧૬માં ઈલેકટ્રોનિક મીડીયા સેન્ટરના નવા મકાનનું બાંધકામ હાથ ધરવા વિભાગ કક્ષાએથી રૂ. ૫.૪૩ કરોડના ખર્ચને વહીવટી મંજૂરી આપી દેવાઈ છે. ભવનના બાંધકામ સંદર્ભે ટૂંક સમયમાં ટેન્ડરપ્રક્રિયા હાથ ધરાશે. બે માલના આ બિલ્ડીંગ નવીનીકરણની કામગીરી દરમિયાન જૂના સ્ટ્રકચરનો પણ જરૂર મુજબ ઉપયોગ કરવામાં આવશે. હાલ વિભાગની ઈલેકટ્રોનિક બ્રાન્ચ સે. ૫માં કાર્યરત છે. નવીન મીડીયા સેન્ટર તૈયાર કરાયા બાદ બધો સ્ટાફ એક જ જગ્યાએ બેસી શકે તેવી વ્યવસ્થા પણ ઉપલબ્ધ થશે. નવા ઈલેટ્રોનિક મીડીયા ભવનમાં ચલચિત્રો, ટી.વી. ન્યૂઝ તેમજ કોમ્પ્યુટર સહિતની બ્રાન્ચ પણ કાર્યરત થશે. તબક્કાવાર કામગીરી હાથ ધરાશે.

# ગાંધીનગર-મહુડી રોડની બસની અનિયમિતતા સામે વિદ્યાર્થીઓએ ધાંધલ મચાવી

## ૩૦૦ જેટલા વિદ્યાર્થીઓના આ ટોળાએ ગાંધીનગર એસ.ટી. ડેપોને બાનમાં લીધું હતું

ગાંધીનગર, તા. ૬

અનિયમિત બસ માટે એસ.ટી. વિભાગ પ્રખ્યાત છે. ત્યારે ગાંધીનગર મહુડી રોડ પર આવેલી કોલેજના વિદ્યાર્થીઓના કોલેજ સમયે આજે બસ નહી આવતા વિદ્યાર્થીઓમાં રોષ ફેલાયો હતો. એટલુ જ નહી થોડી વારમાં જ વિદ્યાર્થીઓનું ટોળુ ભેગુ થઈ જતા રોષે ભરાયેલુ ૩૦૦ જેટલા વિદ્યાર્થીઓના આ ટોળાએ ગાંધીનગર એસ.ટી. ડેપોને બાનમાં લીધું હતું. અમદાવાદથી આવતી એક બસ નહી આવતા વિદ્યાર્થીઓએ ગાંધીનગર ડેપોમાં આવેલી એક બસને પણ રોકી રાખી હતી અને હોબાળો મચાવ્યો હતો.

એસ.ટી. નિગમ દ્વારા વિદ્યાર્થીઓ માટે ડીસ્કાઉન્ટ પાસની વ્યવસ્થા ઉપરાંત ખાસ બસની સુવિધાઓની મોટી-મોટી વાતો કરવામાં આવે છે. પરંતુ સમયસર અને નિયમિત બસ નહી આવવાના કારણે આખરે વિદ્યાર્થીઓને પાસ હોવા છતા જીવના જોખમે ખાનગી વાહનો અને સટલીયા જીપોનો સહારો લેવો પડે છે. એટલુ જ નહી, આ વિદ્યાર્થીઆનું શિક્ષણ પણ બસની આ અનિયમિતતાના કારણે બગડતુ હોય છે ત્યારે ગાંધીનગરથી મહુડી રોડ પર આવેલી અતુલ ટેકનીકલ કોલેજમાં દરરોજ એસ.ટી. બસમાં અપ-ડાઉન કરતા વિદ્યાર્થીઓએ આજે બસ નહી આવતા હોબાળો મચાવ્યો હતો. બનાવની વિગત એમ છે કે, આજે સવારે આઠ વાગ્યાના અરસામાં ગાંધીનગરથી મહુડી સુધી જવાની બસ છે જે અમદાવાદથી આવે છે તે બસ સમયસર નહીં આવતા વિદ્યાર્થીઓનો સમય બગડ્યો હતો. જેના કારણે કોલેજના આ વિદ્યાર્થીઓ રોષે ભરાયા હતા.

બસ નહી આવતા રોષે ભરાયેલા વિદ્યાર્થીઓ જોત જોતામાં ભેગા થઈ ગયા હતા અને થોડી વારમાં જ વિદ્યાર્થીઓનું ટોળુ એકઠુ થઈ ગયું હતું. કોલેજના ૩૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ધીમે ધીમે ડેપોમાં હોબાળો કરવાનું ચાલુ કરી દીધું હતું. એટલુ જ નહી, આ દરમિયાન અમદાવાદ ડેપોથી મહુડીની એક બસ આવતા વિદ્યાર્થીઓએ આ બસને પણ રોકી રાખીને વિરોધ પ્રદર્શિત કર્યો હતો. આ બનાવની જાણ ગાંધીનગર ડેપો મેનેજર યોગેશ પટેલને થતા તેમણે વિદ્યાર્થીઓનો અભ્યાસ બગડે નહી તે માટે ગાંધીનગર ડેપોથી વધુ બસ મુકી હતી.

# ગાંધીનગર ખાતે ગુજરાત પરિવર્તન પાર્ટીની પ્રથમ કારોબારી બેઠક યોજાઈ

ગાંધીનગર, તા.૬

વર્ષ ૨૦૧૨ની વિધાનસભાની ચૂંટણીમાં ભાજપનું મોટા પાયા પર ધોવાણ થશે. ગુજરાતમાં પરિવર્તનનો પવન ફુંકાઈ રહ્યો છે ભાજપ પક્ષ તરીકે તો ગુજરાતમાં લાંબા સમય પહેલાં ભૂંસાઈ ગયો હતો હવે તો વ્યકિતલક્ષી પાર્ટી બચી છે પરંતુ તેનું ધોવાણ પણ નિશ્ચિત હોવાનું ગુજરાત પરિવર્તન પાર્ટીએ નિષ્કર્ષ કાઢયો છે.

આજે ગાંધીનગર ખાતે ગુજરાત પરિવર્તન પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ કેશુભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને પક્ષની પ્રથમ કારોબારીની બેઠક મળી હતી જેમાં તમામ જિલ્લામાંથી આવેલા આગેવાનો અને સભ્યો પાસેથી રાજકીય પરિસ્થિતિ અંગેનો ફીડબોક મેળવવામાં આવ્યો હતો.

આ બેઠકમાં પક્ષના આગેવાનોએ એવું જણાવ્યું હતું કે મુખ્યમંત્રી છેલ્લા એક દાયકામાં પ્રજા સમક્ષ અનેક જુઠાણા બોલ્યા છે પ્રજાને અનેક બાબતે મોટા વચનો આપ્યા છે પરંતુ તેનો અમલ કર્યો નથી. આ સરકારમાં પરિણામલક્ષી બનવાની ક્ષમતા જ નથી તેમણે ૨૦૦૭માં વચન આપ્યા હતા કે રૂ. ૧૫૦૦૦ કરોડની ગરીબી સમૃધ્ધિ યોજનાથી ગુજરાત ગરીબી મુકત બની જશે. હકિકત એ છે કે મોદીના શાસનમાં ગુજરાતમાં ગરીબ પરિવારની સંખ્યામાં વધારો થયો છે. સાગરખેડુ યોજનામાં અબજો રૂપિયા ખર્ચવાની બાંહેધરી પછી અમલ નહિવત છે.

આ સરકાર માત્ર મુઠ્ઠીભર ઉદ્યોગપતિઓના લાભાર્થે ચાલતી સરકાર છે તેને ગરીબોની દલિતોની આદિવાસી કે ઓ.બી.સી. કોઈની પડી નથી ગુજરાત જેવા રાજયમાં ૭૦ ટકા આદિવાસી કુપોષણનો શિકાર હોય ૫૫ ટકા મહિલાઓ કુપોષિત હોય એ તો સરકાર માટે શરમજનક વાત છે.




મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી પર આક્ષેપ કરતાં જણાવ્યું હતું કે તેમણે ૨૦૦૮માં જાહેરાત કરી હતી કે કૃષ્ણા ગોદાવરી બેસીનમાંથી ગુજરાતને ભારતનો અત્યાર સુધીનો સૌથી મોટો ક્રુડ અને ગેસનો જથ્થો મળી ગયો છે. હવે ગુજરાત પેટ્રોકેપીટલ બની ગયું છે. ખોદકામમાં રૂ. ૬૨૦૦૦ કરોડ ખર્ચ્યા પછી ગુજરાતના હાથમાં કંઈ આવ્યું જ નથી.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧


## પ્રાંતિજ નગરપાલિકા - પ્રાંતિજ

### ઈ-ટેન્ડર નોટીસ

પ્રાંતિજ નગરપાલિકા પ્રાંતિજ, ૩૮૩૨૫૦ (ફોન નં. ૦૨૭૭૦-૨૩૩૪૧૦) દ્વારા નગરપાલિકા વિસ્તારમાં રાજ્ય સરકારશ્રી દ્વારા ફાળવવામાં આવેલ વિવિધ ગ્રાંટમાંથી દર્શાવેલ કામો કરાવવા માંગે છે. આ કામે ગુજરાત રાજ્યના રસ્તા અને મકાન વિભાગ અથવા નર્મદા જળસંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના યોગ્ય શ્રેણીમાં નોંધાયેલા ઈજારદારશ્રીઓ પાસેથી નીચેના કામ માટે ઓન લાઈન ટેન્ડરો માંગવામાં આવે છે. આ કામના ટેન્ડર રસ્તાવેજોનું ડાઉનલોડીંગ .હટ્ટ્ફ્સ્ર્ટ્ટિટ્ટ્ટિ.હૅષ્ઠિી.ર્ષ્દ્ધ વેબસાઈટ ઉપરથી જોવા મળી શકશે. અને ટેન્ડરો આ સાઈટ પરથી ઓન લાઈન ભરવાના રહેશે. આ અંગેવી વિગતવાર વિજ્ઞાપન માહિતી વિભાગવી વેબસાઈટ પર જોવા મળશે. ઓનલાઈન ટેન્ડર મોકલવાની તારીખો નીચે મુજબ રાખવામાં આવેલ છે. ટેન્ડરો રૂબરૂ / ટપાલથી સ્વીકારવામાં આવશે નહીં. આવેલ ભાવો પૈકી કોઈપણ અથવા તમામ ભાવો કોઈપણ કારણ દર્શાવ્યા સિવાય નામંજુર કરવાના અધિકારી નગરપાલિકાને સ્વાધીન રહેશે.

| અ. નં. | કામનું નામ | કામની અંદાજીત રકમ રૂ. લાખમાં. | બાનાની રકમ રૂ. | ટેન્ડર ફી રૂપિયા | કામ પૂર્ણ કરવાની મુદ્દત ઈજારદારની શ્રેણી |
|---|---|---|---|---|---|
| ૧. | સી.સી. રસ્તાનાં મજબૂતિકરણ અને વિસ્તૃતિ કરણ (સને-૨૦૧૧/૨૦૧૨) (કુલ-૨૩ વિસ્તારનાં કામ કામો) | ૩૪.૬૪ | ૩૪,૬૪૦/- | ૧૫૦૦ | ૩ માસ/ ઈ-૨ અને ઉપર |

- ઓનલાઈન દ્વારા ટેન્ડરમાં ભાવપત્રક દસ્તાવેજોનું ડાઉનલોડીંગ તારીખ ૪-૯-૨૦૧૨ થી ૧૩-૯-૨૦૧૨ સમય : ૧૮.૦૦ કલાક સુધી
- ઓનલાઈન દ્વારા ટેન્ડર સબમીશનની છેલ્લી તારીખ : ૧૩-૯-૨૦૧૨ સમય : ૧૮.૦૦ કલાક સુધી
- રજીસ્ટ્રેશન, ટેન્ડર ફી, બાનાની રકમ તથા જરૂરી દસ્તાવેજો વગેરે આર.પી.એ.ડી. / સ્પીડ પોસ્ટ / કુરીયરથી ચીફ ઓફીસર, પ્રાંતિજ નગરપાલિકા, પ્રાંતિજ - ૩૮૩૨૫૦ (જી.સા.કાં.)ને તારીખ ૧૫-૯-૨૦૧૨ ૧૬.૦૦ કલાક સુધીમાં મળી જાય તે રીતે મોકલી આપવાના રહેશે.
- ટેન્ડર ફીનો ડીમાન્ડ ડ્રાફટ તથા બાનાની રકમની એફડીઆર એક કવરમાં તથા બીજા દસ્તાવેજો બીજા કવરમાં સીલ કરવા.

આવેલ ઓન લાઈન ટેન્ડરોને તા. ૧૭-૯-૨૦૧૨ના રોજ ૧૨-૦૦ કલાકથી પ્રાંતિજ નગરપાલિકા કચેરી, પ્રાંતિજ ખાતે ખોલવામાં આવશે.

**પી. એચ. મિસ્ત્રી**
ઈજનેર

**સંદીપ ડી. પટેલ**
મુખ્ય અધિકારી

**નૈમેષભાઈ એ. પટેલ**
ચેરમેન, બાંધકામ સમિતિ

**સોનલબેન પી. મોદી**
ચેરમેન, કારોબારી સમિતિ
પ્રાંતિજ નગરપાલિકા

**દિલિપભાઈ પી. રાવળ**
ઉપપ્રમુખ
પ્રાંતિજ નગરપાલિકા

**ઉષાબેન નિત્યાનંદ બ્રહ્મભટ્ટ**
પ્રમુખ
પ્રાંતિજ નગરપાલિકા

જા.વ.નં.ન.પા./સ્પે.રીપેર સી.સી. રોડ ૧૧-૧૨/૪૬૩/૨૦૧૨-૧૩ તા. ૩/૯/૨૦૧૨



## નોટીસ

સાંચા કામ સબબે તારીખ ૮-૯-૧૨, શનિવારના રોજ સવારના ૧૦-૦૦ કલાકથી સાંજના ૫-૦૦ કલાક સુધી નીચે જણાવેલ વિસ્તારનો વીજ પુરવઠો બંધ રહેશે જેની માનવંતા ગ્રાહકોએ નોંધ લેવા વિનંતી તકલીફ બદલ ક્ષમા કરશો.

૧. ઈન્ફોસીટી ટાઉનશીપ

સહી/-
ટોરેન્ટ પાવર લિમીટેડ



## ફર્નિચર ભાડે મળશે

ફ્રીજ, ટી.વી., સોફાસેટ, ડાઈનીંગ ટેબલ, તિજોરી, કોમ્પ્યુટર ટેબલ, એ.સી., વગેરે ઘર વપરાશનું તેમજ ઓફીસનું ફર્નિચર ભાડે મળશે.

મો. : ૯૮૭૯૮ ૩૪૯૯૩
મો. : ૯૮૨૫૦ ૫૧૨૫૬






TMT BARS - ISI
TATA
C. PVC, UPVC
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

## જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com